ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 73 ■ અંક : 05 ■ તારીખ : 5, જૂન, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

"આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ – 2025ના ઉપલક્ષ્યમાં ગુજરાત સહકારી મહાસંમેલન – 2025

## સહકારી ક્ષેત્રને મજબૂત કરવું હોય તો દરેક પ્રકારની મંડળીની અંદર જાગરૂકતા, સહકારનું પ્રશિક્ષણ અને પારદર્શિતા આ ત્રણેય લાવવાનો પ્રયાસ આપણે કરવો પડે : શ્રી અમિતભાઈ શાહ






અમદાવાદ : આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ-2025ની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ દ્વારા તારીખ 18/05/2025ના રોજ, વિજ્ઞાન ભવન,સાયન્સ સિટી, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાનું સહકારી મહાસંમેલન દેશના ગૃહમંત્રી અને પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના ઉદ્દઘાટક સ્થાને અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં તથા રાષ્ટ્રિય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યું હતું.




## પ્રાથમિક મંડળીને મજબૂત ના કરીએ ત્યાં સુધી સહકારી માળખું મજબૂત ના થઈ શકે : શ્રી ઘનશ્યામભાઈ અમીન







## શ્રી અમિતભાઈ શાહ ગામડાઓના છેવાડાના વ્યક્તિને નાની મૂડી ધરાવતાં લોકોને સ્પર્શતી સહકારી પ્રવૃત્તિને ક્રાંતિકારી પરિવર્તનની દિશા તરફ લઈ જઈ રહ્યા છે : શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

આ સહકારી મહાસંમેલનમાં રાષ્ટ્રિય અને રાજ્યના સહકારી આગેવાનો જેમાં આઈ.સી.એ. એપીના ચેરમેનશ્રી ચંદ્રપાલસિંહ યાદવ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ, રાજ્ય સભાના સાંસદ અને ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરશનના ચેરમેનશ્રી નરહરિભાઈ અમીન, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી અને નાફેડ, ન્યૂ દિલ્હી અને પંચામૃત ડેરીના ચેરમેનશ્રી જેઠાભાઈ ભરવાડ, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ મંત્રીશ્રી અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો - ઓપરેટિવ બેન્કના ચેરમેન શ્રી જયેશભાઈ રાદડિયા, નેશનલ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક ફેડરેશન, ન્યૂ દિલ્હી અને ખેતી બેન્કના ચેરમેનશ્રી ડોલરરાય કોટેચા, નાફસ્કબ, ન્યૂ દિલ્હીના ઉપાધ્યક્ષશ્રી સીએ - મિલિન્દ કાલે, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ સહકારી સેલના અધ્યક્ષશ્રી બીપીનભાઈ પટેલ, પ્રદેશ સહકાર ભારતીના પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ, ધી ગુજરાત કો-ઓપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનના ચેરમેન ડૉ. દેવરાજભાઈ ચીખલીયા, ઉત્તમ ડેરીના ચેરમેનશ્રી મોહનભાઈ ભરવાડ વગેરે સહકારી મહાનુભાવોના સાંનિધ્યમાં યોજાયું હતું. આ સેમિનારને સફળ બનાવવામાં રાજ્યની એપેક્ષ સહકારી સંસ્થાઓ અને જિલ્લાકક્ષાની સહકારી સંસ્થાઓનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. આ મહાસંમેલનમાં પ્રાથમિક સહકારી મંડળીઓથી લઈ રાજ્યની એપેક્ષ સહકારી સંસ્થાઓના 5000 જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

'આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ - 2025ના ઉપલક્ષ્યમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા યોજાયેલ ગુજરાત સહકારી મહાસંમેલન - 2025નું દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરી મહાસંમેલન યોજવા બદલ રાજ્ય સંઘને અભિનંદન પાઠવતાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, 2025ના વર્ષને આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય યુનાઈટેડનેશને લીધો અને સહકારિતા સમગ્ર વિશ્વમાં આજે એટલી જ પ્રાસંગિક છે, જેટલી 1900ની સાલમાં હતી. 2021માં મોદી સાહેબના નેતૃત્વમાં સહકારિતા આંદોલનને પુનર્જીવીત કરવાનો, જીવંત કરવાનો બહુ મોટો પ્રયાસ અહીંયા થયો. એને અનુમોદન આપવા માટે ભારતમાં સહકારિતા વર્ષની શરૂઆત કરવાનો નિર્ણય કરાયો. દિલ્હીમાં આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ - 2025નો કાર્યક્રમ થયો હતો તેનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું અને સહકારથી સમૃદ્ધિ અને વિકસિત ભારતમાં સહકારિતાની ભૂમિકા એ બંને સૂત્રો એમણે સહકારી આગેવાનો સામે રાખ્યા એના અંતર્ગત જ આજે ગુજરાતની અંદર આ સહકારિતા સંમેલનનું આયોજન થયું છે. આગળના વક્તાઓએ 2021થી લઈ 2025 સુધી સહકારી ક્ષેત્રમાં જે જે પરિવર્તનો થયાં છે તેની વાત કરી છે. આ પરિવર્તનો પેક્સ અને પેક્સના ખેડૂત મેમ્બરો સુધી ન પહોંચે તો આ પરિવર્તનો પણ સહકારી ક્ષેત્રને મજબૂત નહીં કરી શકે. સહકારી સંસ્થાઓને જો આગળ વધારવી હોય તો પેક્સ હોય, શરાફી હોય, દૂધ મંડળી હોય, મત્સ્યસંપદાની મંડળી હોય કે હાઉસિંગ મંડળી હોય દરેક પ્રકારની મંડળીમાં જાગરૂકતા, સહકારનું પ્રશિક્ષણ અને પારદર્શિતા આ ત્રણેય લાવવાનો પ્રયાસ આપણે કરવો પડશે. ભારત સરકારના સહકાર વિભાગે સહકારિતા વર્ષનું લક્ષ્ય એજ રાખ્યું છે. અને એટલા માટે જ ભારત સરકારે 'સાયન્સ ઓફ કો-ઓપરેશન અને સાયન્સ ઈન કો-ઓપરેશન' સહકારિતાના વિજ્ઞાનને પુનર્જીવીત કરવું અને આધુનિક બનાવવું અને વિજ્ઞાનનો સહકારિતામાં ઉપયોગ કરવો કે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો એ બંને પર ભાર મૂક્યો છે.




વધુમાં શ્રી અમિતભાઈ શાહે ચતુર્થસ્તરીય સહકારી માળખાની કલ્પનાની વાત કરતાં જણાવ્યું હતું કે, આપણી જવાબદારી છે કે આઝાદીના આંદોલન વખતે ઊભી થયેલી આ સહકારી ચળવળ 75 વર્ષની આઝાદીમાં એક પ્રકારથી લકવા ગ્રસ્ત હતી, દેશના સહકારિતાના નકશા પર નજર નાખીએ તો દેશના ખૂબ મોટા ભાગ ઉપરથી સહકારિતા આંદોલન સમાપ્ત થઈ ગયું હતું. ગુજરાતને તેની બહુ મોટી અસર નહોતી થઈ. પરંતુ ગુજરાતના સહકારી નેતાઓની જવાબદારી છે કે આ સહકારી આંદોલન સીમેટ્રિક બને, એનો સમ વિકાસ થાય, દરેક જિલ્લો, દરેક રાજ્ય સહકારિતા આંદોલનથી યુક્ત બને. દરેક રાજ્યમાં પ્રાથમિક મંડળીઓની સ્થિતિ સુધરે અને પ્રાથમિક સહકારી મંડળીઓના માધ્યમથી જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓ મજબૂત થાય અને જિલ્લા કક્ષાની સંસ્થાઓના માધ્યમથી રાજ્ય અને રાષ્ટ્રિય સ્તરનું સહકારી માળખું ખૂબ મજબૂત થાય. એટલા માટે વર્ષોથી ત્રિસ્તરીય સહકારી માળખાની કલ્પના હતી તેમાં આપણે ચતુર્થસ્તરીય સહકારી માળખાની કલ્પના ઉમેરી છે. સહકારી માળખાની દરેક પ્રકારની સહકારી ગતિવિધિની રાષ્ટ્રિય સંસ્થાને મજબૂત કરવી, રાજ્યની સહકારી સંસ્થાને મજબૂત કરવી, જિલ્લાની સંસ્થાને મજબૂત કરવી અને દરેક ક્ષેત્રની પ્રાથમિક મંડળીઓને પણ મજબૂત કરી સમગ્ર સહકારી માળખું સમગ્ર દેશમાં પહોચાડવું. એના સીમેટ્રિક ડેવલોપમેન્ટ માટે, સમ વિકાસ માટે આપણે આ આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષનો ઉપયોગ કરવા માગીએ છીએ.




## ગુજરાતના આંગણે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી મહાસંમેલન-2025 એ 'રાઈટ જોબ એ રાઈટ ટાઈમ' છે : ભૂપેન્દ્રભાઈ પટેલ



સહકારી અભિયાનના ત્રણ સ્થંભો અંગે માર્ગદર્શન આપતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આ આખું સહકારી અભિયાન ત્રણ સ્થંભો પર આધારિત છે. સહકારિતાને શાસનની મુખ્યધારાનો હિસ્સો બનાવવો, ટેક્નોલોજીના માધ્યમથી પારદર્શિતા, પ્રમાણિકતા સહકારી આંદોલનમાં ઉમેરવી અને વધુને વધુ નાગરિકોને સહકારી આંદોલન સાથે જોડવાની પ્રક્રિયા વેગવાન બનાવવી. આ ત્રણેય સ્થંભ પર આ સહકારિતા વર્ષમાં કામ કરવાની જરૂર છે. અને એટલા માટે અનેક પ્રકારના ઈનિસેટિવ લગભગ 57 ઈનિસેટિવ અત્યાર સુધીમાં ભારત સરકારના સહકાર વિભાગ દ્વારા લીધા છે. આજે ગુજરાતભરના સૌ સહકારી આગેવાનો અહીં ઉપસ્થિત છે ત્યારે આપ સૌને મારી એક વિનંતી છે. એક પ્રયોગ સમગ્ર દેશમાં આપણે પ્રાથમિક ધોરણે ગુજરાતમાં ચાલુ કરવો છે, સહકારિતામાં સહકાર, બધી સહકારી સંસ્થાઓએ પોતાનું કામકાજ સહકારી સંસ્થાઓ સાથે જ કરવું દરેક પ્રાથમિક મંડળીનું બેન્ક એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ બેન્કમાં હોય, દરેક એપીએમસીનું બેન્ક એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ બેન્કમાં હોય, દરેક હાઉસિંગ કો-ઓપરેટિવનું બેન્ક એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ

અનુસંધાન પાના નંબર : 2

# શ્રી જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા સેમિનાર યોજાયો

જામનગર : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ 19/05/2025ના રોજ શ્રી કાલાવડ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ.તા.કાલાવડ(શીતલા) ખાતે સંઘની સહકારી શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી છગનભાઈ એમ. પટેલના અધ્યક્ષસ્થાને સેમિનાર યોજવામાં આવેલ.

આ સેમિનારમાં ઉપસ્થિત શ્રી રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ઓફિસર શ્રી મનિષાબેન ગાજીપરાએ સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ સમજાવી અને તેના માટે ધ્યાનમાં લેવાના મુદ્દાઓની છણાવટ કરી હતી.

આ સેમિનારમાં જામનગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ યુનાઈટેડ નેશન્સ દ્વારા 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે ત્યારે ભારત સરકાર દ્વારા પણ આ વર્ષ દરમ્યાન જુદા જુદા સહકારી સેમિનાર, કાર્યક્રમો યોજીને વધુને વધુ લોકો સહકારી પ્રવૃતિથી અવગત થાય સહકારી પ્રવૃતિમાં જોડાય અને 'સહકાર થી સમૃધ્ધિ'નું સૂત્ર સાર્થક થાય તેવો સરકારશ્રીનો અભિગમ રહેલો છે.

આ સેમિનારમાં અધ્યક્ષસ્થાનેથી સંઘની સહકારી શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી છગનભાઈ એમ.પટેલે પ્રવચન કર્યું હતું કે, આજે લોકો સહકારી ડેરી ઉદ્યોગના વિકાસમાં મહિલાઓના મહત્વને સમજતા થયા છે. સરકાર પણ મહિલા દૂધ ઉત્પાદક સહકારી






મંડળીઓ વધુ પ્રમાણમાં રચાય અને મહિલાઓ તેમાં જોડાઈ પોતાનુ નેતૃત્વ પૂરૂ પાડે તે માટે મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે વિવિધ પ્રકારની સહાયો પૂરી પાડવાની જાહેરાત કરેલ છે જેને કારણે સૌરાષ્ટ્રમાં અનેક મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ રજિસ્ટ્રેશન થયેલ છે. આ દૂધ મંડળીઓમાં મહિલાઓ તેના સંચાલનમાં રસ લેતી થાય અને તેના વહીવટને લગતું સહકારી કાયદાનું માર્ગદર્શન મળી રહે તેમાટે રાજ્ય સહકારી સંઘ અને જિલ્લા સહકારી સંઘ દ્વારા વિવિધ સહકારી સેમિનારો અને વર્ગોનું આયોજન કરવામાં આવે છે તેમાં જોડાવું જોઈએ.

આ સેમિનારમાં શ્રી રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ફિલ્ડ ઓફિસરો શ્રી દિવ્યાબેન વરસાણી અને શ્રી ક્રિષ્નાબેન સાકરીયાએ પણ ઉપસ્થિત દૂધ ઉત્પાદક બહેનોને જરૂરી માહિતી પૂરી પાડી હતી. આ સેમિનારમાં મંડળીના પ્રમુખ શ્રીમતી હંસાબેન સાંગાણી તેમજ અન્ય વ્યવસ્થાપક સમિતિના સદસ્યો અને બહોળી સંખ્યામાં સભાસદ બહેનોએ હાજરી આપી હતી. સેમિનારના અંતે આભાર વિધિ મંડળીના મંત્રીશ્રી સુરેશભાઈ ફળદુએ કરેલ.

# રાજુલામાં કૃષિ સેવા સહકારી મંડળી સહિત ત્રિવિધ સુવિધાનો પ્રારંભ

રાજુલા : પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા સુખાકારીના ત્રણ પ્રકલ્પનો પ્રારંભ સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષસ્થાને કરાયો. રાજુલા તાલુકા કૃષિ સહકારી મંડળી, આલ્ફા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના પ્રારંભ સાથે ઈન્ડિયન રેડક્રોસ બ્રાંચનો પણ પ્રારંભ કરાયો હતો.

જેમાં રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી, આલ્ફા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બ્રાંચનો પ્રારંભ કરાયો.

અમરેલી અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી મનિષભાઈ સંઘાણી, શ્રી અરૂણભાઈ પટેલ, શ્રી ભાવનાબેન ગોંડલીયા, પૂર્વ માર્કેટિંગ યાર્ડ ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા, નાગરિક બેંકના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ ધાખડા, વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખશ્રી યુવરાજભાઈ ચાવડુ વગેરે હાજર હતા.

શ્રી અંબરીષભાઈ ડેરે જણાવ્યું હતું કે લોક સુખાકારી માટે ત્રણ જેટલા પ્રકલ્પોનો પ્રારંભ થઈ રહ્યો છે.ત્યારે મંચ ઉપર મારા વડીલ દિલીપભાઈ ઉપસ્થિત છે. રાજુલા તાલુકામાં કૃષિ



સેવા સહકારી મંડળીનો પ્રારંભ થઈ રહ્યો છે. વિધાનસભા ચૂંટાયા બાદ જાફરાબાદ શહેર અને તાલુકામાં જવાનું થયું ત્યારે એક, બે લાખ કે પાંચ લાખ રૂપિયાથી વધુ માછીમારી કરતા હોય એવા લોકો માટે શું કરવું જોઈએ તેવો વિચાર આવ્યો. આથી મેં નક્કી કર્યું કે આલ્ફા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી ખોલીએ, જેથી લોકોના પૈસા સલામત રહે એટલા માટે આ પ્રવૃત્તિ શરૂ કરવા માટેનો નિર્ધાર કર્યો છે. મોરારિબાપુના આશીર્વાદ સાથે આરોગ્ય મંદિરનું નિર્માણ પૂર્ણ થવા જઈ રહ્યું છે.પહેલા પહેલાં મોરારિબાપુના આશીર્વાદથી રાજુલામાં ડાયાલિસિસ સેન્ટર, ઓપીડી લેબ અને મેડિકલ સેવા શરૂ કરવા આવી હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને સાથે લઈને ચાલવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

સહકારી ક્ષેત્રને મજબૂત...... પાના નંબર : 1નું અનુસંધાન

બેન્કમાં હોય, દરેક ડેરીનું બેન્ક એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ બેન્કમાં હોય અને ધિરાણ લેવા માટે પણ સહકારી માળખાનો જ ઉપયોગ કરવો. આ બાબત આમ જોવામાં પ્રાથમિક દ્રષ્ટિએ આ ખૂબ નાની વાત લાગે છે. આપણે પંચમહાલ અને બનાસકાંઠા બે જિલ્લાથી શરૂઆત કરી. પછી અજયભાઈના નેતૃત્વમાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક અને અમૂલે સાથે મળી આને વેગ આપ્યો, હજી સહકારી ક્ષેત્રે 60 ટકા જ કામ થયું છે. પણ સહકારી ક્ષેત્રની ડિપોઝિટમાં 11 હજાર કરોડનો વધારો આપણે અનુભવ્યો છે. શું આપણે એટલું ના કરી શકીએ, સહકારી મંડળીના દરેક સભાસદનું, એપીએમસીના દરેક વેપારીનું એકાઉન્ટ, ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કમાં હોય અને પૈસાનું વિતરણ પણ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના માધ્યમથી થતું હોય, ટેક્નોલોજી આવ્યા પછી આ જરાય મુશ્કેલ નથી, એનો સફળ પ્રયોગ આપણા ગુજરાતમાં થયો છે, મારી આપ સૌ સહકારી આગેવાનો 800 સંસ્થાના લગભગ 4100 લોકો અહીંયા ઉપસ્થિત છે. સૌ સહકારી નેતાઓને મારી વિનંતી છે કે, સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર કો-ઓપરેશન એમોન્ગસ કો-ઓપરેટિવ એને આપણે બળ આપવું જ જોઈએ, તેને આગળ વધારવું જોઈએ.

મિત્રો બીજી વાત ત્રિભુવનભાઈના નામથી આપણે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરી છે. આ યુનિવર્સિટી રાષ્ટ્રિય સ્તર પર કામ કરશે, સમગ્ર દેશના દરેક રાજ્યમાં સહકારી ક્ષેત્રમાં જ્યાં જ્યાં સહકારી ક્ષેત્રનું કામ છે દરેક ક્ષેત્રના તજજ્ઞોને ભણાવવાની વ્યવસ્થા અને કો-ઓપરેટિવના કોન્સેપ્ટથી ભણાવવાની વ્યવસ્થા માટે આ સહકારી યુનિવર્સિટી શરૂ કરી છે. અને એમાં પણ ગુજરાતે લીડ લેવાની જરૂર છે.

ગુજરાતમાં સરક્યુલર ઈકોનોમી અંગેના પ્રયોગની વાત કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, હમણાં એક નવી શરૂઆત ડેરીઓની અંદર ચક્રિય અર્થ વ્યવસ્થા, સરક્યુર્લર ઈકોનોમી ચાલુ કરી છે. આપણી બધી જ સહકારી ડેરીઓ દાણ ખાલી એજ પશુને આપે છે, જે પશુનું દૂધ ડેરીમાં ભરાતું હોય, આપણે દાણનો વેપાર તરીકે સ્વીકાર કરી, ગુજરાતના દરેકે દરેક પશુ સુધી આપણું દાણ પહોંચે એની વ્યવસ્થા કરવાની છે. પશુનું આરોગ્ય પણ કોમર્શિયલ રીતે બધા પશુઓને આપણા સહકારી માળખા સાથે જોડવાના છે. ગોબર છાણની એની પણ સંપૂર્ણ ઈકોનોમી કો-ઓપરેટિવ સેક્ટરની અંદર લાવવાની, અને પશુ મરી જાય ત્યારે તેનું ચામડું, હાડકાં અને શિંગડાની પણ સહકારી મંડળીઓ બનાવી સંપૂર્ણ વ્યવસ્થા એક સરક્યુલર ઈકોનોમીનો પણ પ્રયોગ આપણે થોડા સમયની અંદર ચાલુ કરવાના છીએ. ડેરી માટે જોઈતાં દરેક પ્રકારના સાધનો પણ હવે કો-ઓપરેટિવ સંસ્થાઓ બનાવવાની છે. આઈસ્ક્રીમ બનાવવો હોય તો તેની મશીનરી, ચીઝ બનાવવું હોય, પનીર બનાવવું હોય, દૂધને ચીલ્ડ રાખવાનું હોય, તેનું ફેટ માપવાનું હોય, આ દરેક પ્રકારની વ્યવસ્થા સહકારી માલિકીની કંપનીઓના માધ્યમથી આપણે ઊભી કરવાના છીએ, તેનો પ્રયોગ પણ ગુજરાતથી જ શરૂ થવાનો છે. ગુજરાતમાં આવા નાના અનેક પ્રયોગો થઈ ચુક્યા છે. એને ભેગા કરી આપણે તેને આગળ વધારવાનું છે.

પેક્સ સોસાયટીઓને મજબૂત કરવા પર ભાર મુકતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ઘનશ્યામભાઈએ કહ્યું એ રીતે પેક્સને જ્યાં સુધી મજબૂત ના કરીએ ત્યાં સુધી સહકારી માળખું મજબૂત ન થાય. અને એટલા માટે આપણે નક્કી કર્યું છે કે દેશમાં 2029 સુધીમાં દરેક પંચાયતમાં પેક્સ રજિસ્ટર થવી પડે. અને 2 લાખ નવી સેવા સહકારી મંડળીઓ અને ડેરી મંડળીઓનું રજિસ્ટર કરવાનું અભિયાન ચાલુ કર્યું છે. પરંતુ આ પેક્સ પણ પહેલાની જેમ માંદી જ પડે, જો આપણે તેમાં પ્રવૃત્તિઓ ન ઉમેરીએ તો.. એટલે જ વિવિધ 22 પ્રકારની પ્રવૃત્તિઓ પેક્સ સાથે જોડવાનું કામ ભારત સરકારે કર્યું છે. મને વિશ્વાસ છે કે આવનારા દિવસોમાં એક પણ પેક્સ જે રજિસ્ટર થઈ છે. તે આર્થિક રૂપે બીમાર ન પડે તેની વ્યવસ્થા આના માધ્યમથી જ થઈ જશે. થોડાક જ સમયમાં ભારત સરકાર લીકવીડેશનમાં ગયેલી પેક્સનો નિકાલ અને એની જગ્યાએ નવી પેક્સનું રજિસ્ટ્રેશનની નવી નીતિ લઈને આવવાની છે. સહકારી ક્ષેત્રમાં મોદી સાહેબના નેતૃત્વમાં અનેક પ્રકારની નવી શરૂઆતો થવા જઈ રહી છે તે વખતે આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષનો ઉપયોગ કરી સભાસદો સુધી જાગરૂતા પહોંચાડી પારદર્શિતા, નવા આયામો અને તજજ્ઞ ભરતી આ ત્રણેયનો ઉપયોગ કરી આપણે સહકારી માળખાને મજબૂત કરવાની જરૂર છે. આજે ઘનશ્યામભાઈએ સહકારિતા વર્ષનો કોન્સેપ્ટ ક્લિયર કરવા માટે અહીંયા ગુજરાતના 4100થી વધુ સહકારી આગેવાનોને બોલાવ્યા છે. પછી સત્રમાં 57 ઈનિસેટિવ તેમજ પ્રાકૃતિક ખેતીની પણ સમજ આપવાની છે મને વિશ્વાસ છે કે અહીંયા જે કાર્ય શિબિર થવાની છે, તેમાંથી સારો સંદેશ લઈ આપ સૌ જિલ્લા કક્ષાએ જશો પછી તેને પ્રાથમિક મંડળીઓ સુધી પહોચાડશો.

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને દેશની સેનાના નૌ જવાનોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતા સેનાના શૌર્યભર્યા પરાક્રમથી દેશવાસીઓમાં રાષ્ટ્રહિતની પ્રબળ ભાવના જાગી છે અને ત્રિરંગાની પણ શાન વધી છે. આદરણીય વડાપ્રધાન શ્રીમોદીજીએ સેનાથી લઈ નાનામાં નાના કો-ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન સૌને સાથે લઈને ચાલવાની પરંપરા વિકસાવી, સેનાની પાંખના સંકલન માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂકની પહેલ થઈ તેમજ દેશમાં આઝાદી પછી પ્રથમ વખત અલાયદુ સહકારિતા મંત્રાલય કાર્યરત થયું છે. આદરણીયશ્રી અમિતભાઈ શાહ દેશના બાહોશ ગૃહ મંત્રી તરીકે આંતરિક સુરક્ષા અને સલામતી સુદ્રઢ કરી તેમજ સાથે સહકાર ક્ષેત્રને દિશા આપીને નાનામાં નાના માનવીના હિતોની પણ ચિંતા કરતા રહે છે, સહકાર મંત્રાલયે છેલ્લા 3.5 વર્ષમાં સહકારથી સમૃદ્ધિને સાકાર કરવા માટે રાત-દિવસ કાર્ય કર્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘને સહકારી મહાસંમેલન-2025 આયોજન બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, 2025નું વર્ષ આંતરાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતના આંગણે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી મહાસંમેલન-2025 એ 'રાઈટ જોબ એ રાઈટ ટાઈમ' છે. ગુજરાત આજે વિશ્વ નેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કર્મઠ ગૃહમંત્રી તેમજ દેશના પ્રથમ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય બન્યું છે. રાજ્યમાં 89 હજાર સહકારી સંસ્થાઓમાં લગભગ 1 કરોડ 65 લાખ જેટલા સભાસદ કાર્યરત છે એટલે કે રાજ્યનો દર ચોથો ગુજરાતી એ સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલો છે. સહકાર ક્ષેત્રને પ્રોત્સાહન મળે અને સહકારથી સમૃદ્ધિ સાકાર થાય તે માટે પ્રાથમિક વિષયક સહકારી મંડળીઓ પેક્સને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવા માટે આ વર્ષના બજેટમાં વિશેષ જોગવાઈ પણ કરવામાં આવી છે. સહકારી મંડળીઓ વધુ નફાકારત્મક બને તે માટે ઉત્પાદન સાથે જોડાયેલી સહકારી સંસ્થાઓ માટેના ટેક્સ દર 30થી ઘટાડી ને 15 ટકા કરવામાં આવ્યો છે. દેશને પ્રથમ સહકારી યુનિવર્સિટી ત્રિભુવન સહકારી



યુનિવર્સિટી ભેટ મળી છે. "વિના સહકાર, નહીં ઉદ્ધાર"નો સહકારિતાનો મંત્ર આજે શ્રી મોદી સાહેબ અને શ્રી શાહ સાહેબના દિશાદર્શનમાં સહકાર સે સમૃદ્ધિના કોન્સેપ્ટ સાથે આગળ વધ્યો છે.

સૌ મહેમાનોને આવકારતા સ્વાગત પ્રવચનમાં શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, યુનો 2025ના વર્ષને 'કો-ઓપરેટિવ્સ બિલ્ડ ધ બેટર વર્લ્ડ' વિષય વસ્તુ નક્કી કરીને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ ઉજવી રહ્યું છે. તેની શરૂઆત 25, નવેમ્બર - 2024ના રોજ ન્યૂ દિલ્હીમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવી હતી.

માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સમૃદ્ધિનું સૂત્ર આપ્યું છે. અને સહકારથી સમૃદ્ધિ લાવવા માટે 75 વર્ષ પછી સહકાર મંત્રાલયની રચના કરી શ્રી અમિતભાઈ શાહ સાહેબે રાષ્ટ્રિય સહકારી સંસ્થાઓનું ગઠન કર્યું પદાધિકારીઓ, તજજ્ઞો અને વિવિધ રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થાઓના બોર્ડ સભ્યોની મિટિંગો કરી તેમના સુચનો લીધા. મેં 35 વર્ષની રાષ્ટ્રિય સહકારી કારકિર્દીના અનુભવમાં આવા સહકાર મંત્રી જોયા નથી કે ગૃહ ખાતુ પાસે હોય તેના અનેક કામોની વચ્ચે પણ રાષ્ટ્રિય સ્તરની એપેક્ષ સહકારી સંસ્થાઓના બોર્ડની મિટિંગો કરી જુદા જુદા પક્ષના ડાયરેક્ટરો હોય તેને સાંભળે અને તેમના મંતવ્યો એકઠા કરી પછી તેનો ઉકેલ લાવ્યા હોય જે ઉણપો હતી તે દૂર કરી છે, અમે ઘણા વર્ષોથી કહેતા હતા કે વર્લ્ડના બીજા ઘણાં બધા દેશોમાં તેમની સહકારી નીતિ છે, તેવી આપણાં દેશમાં હોવી જોઈએ. સુરેશ પ્રભુના નેતૃત્વમાં 75 જેટલા સહકારી આગેવાનોની ટીમ બનાવી અને રાષ્ટ્રિય સહકારી નીતિ બનાવી છે. અને સહકારની દિશા શું છે તે નક્કી કર્યું. તે રીતે જ વર્ષોથી મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવના એમેન્ડમેન્ટ બાકી હતા તે પણ પાર્લામેન્ટમાં પાસ કરાવી દેશમાં મલ્ટિસ્ટેટ એક્ટ પણ મજબૂત કરાવ્યો. આ ઉપરાંત રાષ્ટ્રિય સહકારી સંસ્થાઓમાં જે ખામીઓ હતી તે દૂર કરી છે. ખેડૂતોને તેમના ઉત્પાદનોની નિકાસ કરવામાં સરળતા રહે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના સહકારી માધ્યમ દ્વારા સારા ભાવ મળે તે માટે નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થા શરૂ કરી છે. તેની સાથે 10,000થી વધુ મંડળીઓ જોડાયેલી છે. એક વર્ષમાં જ તેનું ટર્ન ઓવર 4,283 કરોડ કરતાં વધારે થયું છે. અને 122 કરોડ નફો કર્યો છે. જેના કારણે ખેડૂતોની આવકમાં વધારો થયો છે. તથા સભાસદોને 20 ટકા ડિવિડન્ડની વહેચણી કરવાથી સહકારી મંડળીઓની આવક પણ વધી છે. તેજ રીતે બીજ સહકારી સંસ્થા પણ ઊભી કરી છે.

વધુમાં શ્રી અમીને સહકારી શિક્ષણ અંગે માહિતી આપી જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રે સહકારી સંસ્થાઓને પ્રોફેશનલ અને ટેક્નોક્રેટ તાલીમ પામેલા કર્મચારીઓ મળી રહે તે માટે ત્રિભુવન સહકાર યુનિવર્સિટીની રચના કરી છે. એ પણ સહકારી પ્રવૃતિમાં આમૂલ પરિવર્તન છે. સહકારી સંસ્થાઓને જવાબદાર અધિકારીઓ મળશે, જે સહકારી સંસ્થાઓને વિકાસના માર્ગે આગળ લઈ જશે.

પેક્સ મંડળીઓ અંગે શ્રી અમીને જણાવ્યું હતું કે, 140 વર્ષ જૂની સહકારી સંસ્થાઓ આપણે શું કરતા હતા ખાતર, બિયારણ, દવાઓ વિતરણ, દૂધ મંડળી તો માત્ર દૂધ અને દાણ - ખોળ વિતરણ, મંડળીઓની મર્યાદિત એક્ટીવીટી હતી તેમાં શ્રી અમિતભાઈએ અભ્યાસ કર્યો અને જોયું કે આ સ્પર્ધાત્મક વાતાવરણમાં જો સહકારી સંસ્થાઓને ટકાવી રાખવી હોય અને માનનીય પ્રધાન મંત્રીશ્રીના સંકલ્પ સહકારથી સમૃદ્ધિને સાકાર કરવો હોય તો ગામડાંઓ સુધી ખેડૂતો સુધી સમૃદ્ધિ લઈ જવી પડશે, તે માટે પેક્સ સહકારી મંડળીઓ મજબૂત હોવી જોઈએ. પેક્સ મંડળીઓને મજબૂત કરવા માટે તેમણે દેશની તમામ પેક્સ સોસાયટીઓ માટે કોમન બાયલોઝ તૈયાર કરાવ્યા અને તે સરકારી તંત્રમાં મંજૂર કરાવી પ્રાથમિક સહકારી મંડળીઓને 22 જેટલા મલ્ટિપલ બિઝનેસ કરવાની તક પૂરી પાડી છે. જેને દેશના તમામ રાજ્યોએ સ્વીકાર્યા. આ કોમન બાયલોઝથી પેક્સ સોસાયટીઓ મલ્ટિપર્પઝ કામ કરતી થઈ છે, જેવાં કે, પ્રધાનમંત્રી જનઔષધ કેન્દ્ર, પેટ્રોલ પંપ, ગેસ બોટલ વિતરણ, પ્લેન અને રેલવેની ટિકિટ બૂકિંગ, વગેરે આમ સહકાર થકી નાની મંડળીઓ મજબૂત કરવામાં આવી છે.

અતિથિ વિશેષ પદેથી રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, પહેલગામમાં હુમલો થયા બાદ ઓપરેશન સિંદૂર થકી ભારતીય જવાનોએ દુશ્મનોને જડબાતોડ જવાબ આપ્યો તેથી જવાનોને આ ટાણે અભિનંદન પાઠવું છું. સહકારનો નવો અધ્યાય શરૂ થયો છે,કેન્દ્રના સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ ગામડાઓના છેવાડાના વ્યક્તિને, નાની મૂડી ધરાવતાં લોકોને સ્પર્શતી સહકારી પ્રવૃત્તિને ક્રાંતિકારી પરિવર્તનની દિશા તરફ લઈ જઈ રહ્યા છે. સહકારી ક્ષેત્રે ગુજરાત મોડેલ અગ્રીમ છે, શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર પણ રાજ્યનું સહકારી માળખું મજબૂત થાય તે દિશામાં કામ કરી રહી છે, આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ-2025ની આ રીતે ભવ્ય ઉજવણી કરવા બદલ સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીન અને તેમની ટીમ અભિનંદનને પાત્ર છે. સહકાર એટલે વિશ્વાસ, સહકાર એટલે વિકાસ, સહકાર એટલે જનભાગીદારી, સહકાર એટલે કિસાનોનું સશક્તીકરણ, આત્મનિર્ભર ભારતની પ્રેરણા અને મોટો સંકલ્પ સિધ્ધ કરવાનું માધ્યમ ગણાવી સહકારના મહત્વને દર્શાવ્યું હતું.

ગરિમાય ઉપસ્થિતિ સ્થાનેથી આઈ.સી.એ.(એ.પી.)ના ચેરમેનશ્રી ચંદ્રપાલસિંહ યાદવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકાર મંત્રાલયથી સહકારી ચળવળને નવી ઉર્જા મળી છે, તાકાત મળી છે. લોકોનો સહકારી પ્રવૃત્તિ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. શ્રી અમિતભાઈ શાહના દિશા નિર્દેશ હેઠળ સહકારી પ્રવૃત્તિ જે પ્રદેશોમાં કમજોર હતી તે પણ હવે આગળ વધી રહી છે અને તેથી ગરીબ, કમજોર અને વંચિતોને તેના લાભ મળશે. દેશના આર્થિક વિકાસમાં સહકારી પ્રવૃત્તિ મહત્તમ યોગદાન આપે તે દિશામાં પ્રયાસો જરૂરી છે, જેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના સહકારથી સમૃદ્ધિના સ્વપ્નો પણ સાકાર કરી શકાશે.

રાજ્ય સહકારી સંઘ દ્વારા પ્રકાશિત "સહકાર સંકલ્પ" સ્મૃતિગ્રંથનું વિમોચન માનનીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આભારવિધિ રાજ્ય સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદીએ કરી હતી. આ મહાસંમેલન સફળ બનાવવામાં કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભેસાણમાં સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમમાં ખેડૂતો, સહકારી મંડળીઓના પ્રમુખોનું સન્માન કરાયું

## વિચરતી વિમુખ જાતિના પરિવારને આવાસ બનાવવા માટે રૂ.50,000ની સહાય મંત્રીશ્રી રાઘવજી પટેલના હસ્તે અર્પણ કરાઈ

જૂનાગઢ : જિલ્લાના ભેસાણ ખાતે રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ખેડૂતો અને સહકારી મંડળીઓના પ્રમુખ તથા મંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રીના હસ્તે જૂનાગઢ જિલ્લાના સહકારી બેંક સાથે જોડાયેલા પ્રગતિશીલ ખેડૂતો, સહકારી મંડળીઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રમુખ તથા મંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિચરતી વિમુખ જાતિના પરિવારને આવાસ બનાવવા માટે રૂ.50,000ની સહાય મંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવી હતી.

તાજેતરમાં પહલગામ આંતકી હુમલામાં મૃત્યુ પામેલા નાગરિકો માટે 2 મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કેબિનેટ મંત્રી સહિત ઉપસ્થિત સર્વેએ એક રાષ્ટ્ર, એક ચૂંટણી એટલે કે વન નેશન, વન ઈલેક્શનમાં સક્રિયપણે યોગદાન આપવાની નેમ લીધી હતી.

આ પ્રસંગે રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જિલ્લામાં ખેડૂત કલ્યાણ માટે સહકારી પ્રવૃત્તિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લા સહકારી બેંકે ભારત સરકારના પરિપત્ર થયા પૂર્વે જ ખેડૂતોને વગર વ્યાજે રૂ.5 લાખ સુધીના ધિરાણ



આપવાની શરૂઆત કરી છે. જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ. સતત પ્રગતિ સાધી રહી છે,

શ્રેષ્ઠ વહીવટના પરિણામે આજે 3.50 કરોડનો નફો મેળવવા જઈ રહી છે. જે જૂનાગઢ જિલ્લાની સહકારી ક્ષેત્રમાં ઉચ્ચ પ્રગતિ સૂચવે છે. જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલે આ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ કાર્યક્રમમાં જીએસસી બેંકના પૂર્વ ચેરમેનશ્રી જશાભાઈ બારડ, ભેસાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી વજુભાઈ મોવલીયા, વિવિધ સામાજિક અને રાજકીય આગેવાનો, આજુબાજુના ગામોમાંથી સરપંચો, સ્થાનિક પદાધિકારીઓ, લાભાર્થીઓ, વિવિધ સંલગ્ન અધિકારી સ્થાનિક નાગરિકો અને બહોળી સંખ્યામાં ખેડૂતો રહ્યા હતા.

# સરદાર બાગાયત સહકારી મંડળી લિમિટેડ બારડોલીની 79મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

બારડોલી : સરદાર બાગાયત સહકારી કેળા મંડળી લિમિટેડ બારડોલીની વાર્ષિક સાધારણ સભા તા. 9/5/2025ને શુક્રવારના રોજ સવારે 10-00 કલાકે ગંગાધરા મુકામે ચરોતરિયા લેઉવા પાટીદાર સમાજની વાડીમાં મળી હતી. જેમાં એજન્ડાના તમામ કામો સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યા. બાગાયત દ્વારા વધુ કેળાનું વેચાણ કરતા વેપારીઓનું સન્માન કરવામાં આવ્યું. તેમજ ખેડૂતોના સૌથી વધુ પાક લેનાર સૌથી વધુ કેળા પકવનાર અને સંસ્થા દ્વારા કેળાં વેચનાર ખેડૂતોના પણ અનુક્રમે 1 થી 3 અને ચોથા પાંચમા નંબરના ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું સંસ્થામાં ચેરમેન ડો શ્રી સંજયભાઈ પટેલે કેળા મંડળની સંપૂર્ણ માહિતી આપી હતી.

સંસ્થા દ્વારા નવી જમીન ખરીદવામાં આવી છે તે અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. સંસ્થાનાં મેનેજર શ્રી કિશોરભાઈ પટેલે સાધારણ સભાની કાર્યવાહી નોંધ વાંચી સંભળાવી હતી. તેમજ એજન્ડાના તમામ કામો ખૂબ



શાંતિપૂર્વક રીતે મંજૂર કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા ખેડૂત સમાજના પ્રમુખ શ્રી પરિમલ પટેલ અને સુરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાવેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. સભામાં બારડોલી ભાવેશભાઈ પટેલ, ગુજરાત સ્ટેટ ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટિંગ ફેડરેશનના પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, ખાણ ઉદ્યોગ સંઘના ચેરમેન શ્રી કેતનભાઈ પટેલ, ગંગાધરા દૂધ મંડળીના પ્રમુખ, ખેડૂત સંઘના ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ પટેલ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન બાગાયતના ચેરમેન ડોક્ટર સંજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંજયભાઈ પટેલે નવી ચૂંટાયેલી બોર્ડને સભાસૌથી વાકેફ કરાવ્યા હતા અને કર્મચારીઓને પણ તેમની કામગીરી માટે બિરદાવ્યા હતા. આભારવિધિ નટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# શ્રી સરદાર બારડોલી તાલુકા સહકારી ખરીદ-વેચાણ મંડળી લિ. ની 77 મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

બારડોલી : શ્રી સરદાર બારડોલી તાલુકા સહકારી ખરીદ–વેચાણ મંડળી લિ. ની 77 મી વાર્ષિક સાધારણ સભા સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત(બારડોલી) લેઉવા પટેલ સમાજની વાડીની બાજુમાં, અગાસી માતાની મંદિરની સામે. ધુલિયા રોડ, મુ.પો. ઈસરોલી તા. બારડોલી જિ. સૂરતના હોલમાં તા. 9/5/2025 ને શુક્રવારના રોજ બપોરે 1-30 કલાકે પ્રમુખશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

શ્રી સરદાર બારડોલી તાલુકા સહકારી ખરીદ-વેચાણ મંડળી લિ.ના પ્રમુખશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલે સંસ્થાના વિકાસની ઝાંખી કરાવી હતી.

આ સાધારણ સભાના એજન્ડાના તમામ કામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. બારડોલી સુગરના ઉપપ્રમુખ શ્રી ભાવેશભાઈ નગીનભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે મંડળીને હાલ જમીન અને ગોડાઉનની ખાસ જરૂરિયાત હોય બારડોલીમાં કે આજુબાજના વિસ્તારમાં જગ્યા લઈને સત્વરે ગોડાઉન બાંધવામાં આવે જેથી ખાતર કે અન્ય જીવન જરૂરિયાતની વસ્તુનો સંગ્રહ કરી શકાય અને સભાસદોને સમયસર વસ્તુઓ મળી શકે એવી ટહેલ નાંખી હતી અને અન્ય સભાસદોએ આ ટહેલને વધાવી લીધી હતી.

આ સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન સંસ્થાના અન્ય ડિપાર્ટમેન્ટ જેવા કે




ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ વિભાગનું રૂા. 11,70,36,347.81નું ટર્ન ઓવર થયેલ છે. પાર્સલ વિભાગમાં રૂા. 1,55,47,000/-નું ટર્ન ઓવર થયેલ છે. ગ્રોસરી વિભાગનું રૂા. 4,43,45,693.07/-નું ટર્ન ઓવર થયેલ છે. લોન્ડ્રી વિભાગ નું રૂા. 55,13,100/-નું ટર્ન ઓવર થયેલ છે. કાપડ કેન્દ્ર નું રૂા. 3,35,06,306.84 નું ટર્ન ઓવર થયેલ છે. સુમૂલ પાર્લરના રૂા. 6,00,55,959.79/- નું ટર્ન ઓવર થયેલ છે. મેડિકલ સ્ટોરનો રૂા. 75,84,66.94 નું ટર્ન ઓવર થયેલ છે. આ રીતે વર્ષ દરમિયાન સંસ્થાએ કુલ વેપાર રૂા. 50,59,81,653/- થયો છે. જેમાંથી સંસ્થાનું વહીવટી ખર્ચ બાદ થતા રૂા. 6,46,694.35/- ચોખ્ખો નફો જોવા મળેલ છે. જેનો શ્રેય સભાસદો તથા પ્રદેશની આમ જનતાને ફાળે જાય છે.

સભાસદ અને નોમિનલ સભાસદો દ્વારા સૌથી વધુ ખરીદી કરવા બદલ તેઓને 1-2-3 ક્રમ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# રાજકોટ જિલ્લા સહકારી સંઘ તથા જિલ્લા રજિસ્ટ્રારશ્રી (સ.મં.) રાજકોટના સંયુક્ત ઉપક્રમે વન-ડે સેમિનાર યોજાયો

રાજકોટ : રાજકોટ જિલ્લા સહકારી સંઘ-રાજકોટ તથા જિલ્લા રજિસ્ટ્રાર (સ.મં.) રાજકોટના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-2025ના અંર્તગત તારીખ 09/05/2025ને સોમવારે રાજકોટ જિલ્લા સહકારી સંઘમાં એક દિવસીય સેમિનાર યોજાયેલ.

આ સેમિનારમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી દિનેશભાઈ ભુવા, માનદ મંત્રીશ્રી મનસુખભાઈ સંખાવરા, ડિરેકટરશ્રી લાભુભાઈ કવાડીયા તેમજ જિલ્લા રજિસ્ટારશ્રી બી.એન. પટેલ અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર શ્રી એન.ડી ચાવડા, કાર્યાલય અધ્યક્ષ કુમારી ગીતાબેન જીવાણી, જિલ્લા સંઘના મહિલા સમિતિના કન્વીનર શ્રી સંગીતાબેન કગથરા, સહકન્વીનરશ્રી બિંદીયાબેન મકવાણા થતા સભ્યો અને સંસ્થાના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી જયશ્રીબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સેમિનારનો ઉદ્દેશ્ય, જિલ્લાની સહકારી પ્રવૃત્તિમાં વધુમાં વધુ લોકો જોડાય અને ખાસ કરીને યુવક/યુવતીઓ જોડાય. રોજગાર અને શહેરીકરણના પ્રશ્નનો ઉકેલ મળે અને યુવાનોને પોતાનાજ ગામમાં કૃષિ વ્યવસાયની સાથે સાથે રોજગારી ઉપલબ્ધ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને વહીવટી કામોમાં પડતી મુશ્કેલીઓ માટે પ્રશિક્ષણ આપવાનો છે.

આ સેમિનારમાં જિલ્લા સંઘના કન્વીનર શ્રીમતી સંગીતાબેન કગથરાએ સહકારિતાની લક્ષ સિદ્ધી માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સહકન્વીનર શ્રીમતી બિંદીયાબેન મકાવાણાએ મહિલા સંચાલિત દૂધ મંડળીઓ/સખી મંડળ/સેલ્ફ હેલ્પ ગ્રૂપ થકી મહિલાઓને વ્યવસાય કરી શકે અને સફળ થઈ શકે તે માટેનું



માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે રાજકોટ જિલ્લામાં સહકારી આગેવાન શ્રી ડો. હિતેશભાઈ શુકલએ માહિતી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વિશેષમાં રાજકોટ શહેરમાંથી આવેલ શહેર મહિલા મંડળીઓ પૈકી શ્રીમતી પ્રભાબેન, રસીલાબેન તથા ઈલાબેન સખીયા પોતાની મંડળીઓની સફળતા માટેના સિધ્ધાંતોની ચર્ચા કરેલ અને અભિપ્રાય આપેલ. રાજકોટ જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી દિનશભાઈ ભૂવા એ પ્રસંગ ને અનુરૂપ માહિતી માર્ગદર્શન આપેલ.

આ સમગ્ર સેમિનારનું સંચાલન કેન્દ્રના અધ્યાપક એવા શ્રીમતી મનિષા બહેન ભાગીયાએ કરેલ તથા રાજકોટ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી જયશ્રીબેન ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કહ્યું હતું. અંતમાં આભાર વિધિ સંઘના માનદ મંત્રીશ્રી મનસુખભાઈ સંખાવરાએ કરી હતી.

# બનાસ ડેરીના પશુપાલકો હવે ગૌમૂત્રથી પણ આવક મેળવતા થશે – ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

રાધનપુર : રાધનપુર દૂધ શીતકેન્દ્ર ખાતે બનાસ ડેરી અને ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં "દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંતલપુર અને રાધનપુર તાલુકાની હજારો મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

ડેરીના તજજ્ઞોએ પશુપાલન, આરોગ્ય, અને સહાય યોજનાઓ અંગે જાગૃતિ પ્રસરે તે માટે વિસ્તૃત માહિતી આપી. ચેરમેનશ્રીએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બહેનોને પ્રોત્સાહક ચેક અર્પણ કર્યા અને દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પશુપાલક પરિવારને રૂ.1 લાખના વીમા સહાયના ચેક આપવામાં આવ્યા.

પશુપાલકો સાથે સંવાદમાં ચેરમેનશ્રીએ ઊંચા ભાવને કારણે શ્રેષ્ઠ નસ્લની ભેંસોના વેચાણથી ઉપજેલી સ્થિતિ સામે ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, હવે કાંકરેજ અને ગીર ગાયના નસ્લ સુધારણા માટે બ્રાઝીલના અભ્યાસ પ્રવાસો કર્યા છે. તેઓએ ઉમેર્યું કે, ગાયોમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીથી અત્યાર સુધી 111 નવજાત ગાયો ઉત્પન્ન થયા છે અને વિશ્વમાં આજ સુધી કોઈએ ભેંસોમાં



એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો વ્યાપક રીતે ઉપયોગ કર્યો નથી,હવે ભેંસોમાં પણ આ પહેલ બનાસ ડેરી અમલમાં મુકશે.

તેમણે જણાવ્યું કે બનાસ ડેરી દ્વારા આધુનિક તબેલાં, ગર્ભપ્રત્યારોપણ સહાય, સોલાર પેનલ સહાય અને 12 દુધાળાં પશુ સહાય જેવી યોજનાઓ કાર્યરત છે.

શિક્ષણ ક્ષેત્રે, ગાંધીનગર ખાતે નવી સ્પર્ધાત્મક પરીક્ષા તૈયારી સંસ્થા શરૂ થવાની જાહેરાત પણ ચેરમેનશ્રીએ કરી - જ્યાંથી યુવાનો IAS, IPS જેવી ઉચ્ચશ્રેણીની નોકરી માટે તૈયારી કરી શકશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે "બનાસ એક વિચાર છે" - સહકાર અને સમર્પણની સંસ્કૃતિ. આપણું દાયિત્વ છે કે એકતા અને સંકલ્પ સાથે વિકાસનો માર્ગ ઊભો કરીએ. ચેરમેનશ્રીએ જણાવ્યું કે બનાસ ડેરી હવે દૂધ સાથે ગૌમૂત્રમાંથી પણ મૂલ્યવર્ધિત આવક સર્જવા માટે કાર્યરત છે. રાધનપુર ખાતે ગૌમૂત્ર સંગ્રહ અને પ્રોસેસિંગ સેન્ટર શરૂ કરીને ખેતી માટે ખાતર તથા આરોગ્યપ્રદ ઉત્પાદનો તૈયાર કરીને બજારમાં મૂકવામાં આવશે, પરિણામે પશુપાલકોને દૂધની સાથે ગૌમૂત્રની સીધી આવક મળી શકે.

# ભારતની નજર ગ્લોબલ ફૂડ બેંકના દરજ્જા પર છે : શ્રી શિવરાજસિંહ ચૌહાણ

ભુવનેશ્વરમાં ઓડિશા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી (OUAT) ખાતે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' સત્તાવાર રીતે શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી, નાયબ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી કનક વર્ધનસિંહ દેવ, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.આ ઝુંબેશનો ઉદ્દેશ્ય ભારતીય કૃષિમાં પરિવર્તનશીલ પરિવર્તન લાવવાનો છે, જેમાં દેશભરમાં 2,170 સ્થળોએ સંકલિત પ્રયાસો થઈ રહ્યા છે જ્યાં સરકારી અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતો સાથે સીધા સંકળાયેલા છે.



શ્રી ચૌહાણે ભાર મૂક્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, રાષ્ટ્ર માત્ર રેકોર્ડ અનાજ ઉત્પાદન જ નહીં પરંતુ વિશ્વની ફૂડ બેંક બનવાની પણ મહત્વાકાંક્ષી છે. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો ફક્ત 'અન્નદાતા' (ખોરાક આપનારા) નથી, પણ 'જીવનદાતા' (જીવનદાતા) પણ છે, જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અને આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે નોંધ્યું હતું કે ભારતના ખેડૂતો હવે 145 કરોડથી વધુ નાગરિકોને ખોરાક પૂરો પાડવા અને વૈશ્વિક નિકાસ માટે સરપ્લસ ઉત્પાદન કરવા સક્ષમ છે. તેમણે ઉત્પાદનમાં વધારો કરીને અને ઈનપુટ ખર્ચ ઘટાડીને કૃષિને નફાકારક ઉદ્યોગમાં ફેરવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો.

આ ધ્યેયને પૂરો પાડવા માટે, કેન્દ્ર સરકાર કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ કૃષિ લોન પર 4% સુધીની વ્યાજ સબસિડી આપી રહી છે, જે રાજ્ય સરકારના યોગદાનને ઉમેરવામાં આવે ત્યારે ખેડૂતોના વ્યાજના બોજને શૂન્ય સુધી ઘટાડી શકે છે. તેમણે સિંચાઈ માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે ઓડિશા સરકારના પ્રયાસોની પણ પ્રશંસા કરી, ખાસ કરીને 15 લાખ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈ કરવાની તેની યોજનાની પણ પ્રશંસા કરી. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના જેવી યોજનાઓ દ્વારા આબોહવા-સ્થિતિસ્થાપક ખેતીને ટેકો આપવામાં આવી રહ્યો છે, જે કુદરતી આફતોને કારણે પાકના નુકસાન માટે વળતર પૂરું પાડે છે. ચૌહાણે ઓડિશાના ઉચ્ચ ગુણવત્તાવાળા કૃષિ ઉત્પાદનો, જેમાં ડાંગર, કેરી, ઓર્ગેનિક ચોખા અને હળદરનો સમાવેશ થાય છે, તેની પણ પ્રશંસા કરી. ખેતીમાં વૈજ્ઞાનિક ઈનપુટના મહત્વ પર ભાર મૂકતા, તેમણે જાહેરાત કરી કે ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ના 16,000 થી વધુ વૈજ્ઞાનિકો પ્રયોગશાળા નવીનતાઓને ક્ષેત્ર પ્રથાઓ સાથે જોડવાના અભિયાનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે.

આ વૈજ્ઞાનિકો ગામડાઓની મુલાકાત લેશે, સ્થાનિક પડકારોને સમજશે અને કુદરતી અને ભૌગોલિક પરિસ્થિતિઓના આધારે કસ્ટમાઈઝ્ડ ઉકેલો પ્રદાન કરશે, જેનાથી પાક ઉત્પાદકતામાં વૃદ્ધિ વેગ મળશે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આ રાષ્ટ્રીય અભિયાન ઓડિશામાં શરૂ થયું તે અંગે ગર્વ વ્યક્ત કર્યો અને તેની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી.

**વેસ્ટઇન્ડિઝના એક ટાપુ ગ્રેનાડા દેશની સહકારી ટીમ ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિના અભ્યાસ પ્રવાસે**

# રાજ્ય સહકારી સંઘ સાથે ગ્રેનાડાની સહકારી ટીમે સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચાર પ્રસાર માટે એમઓયુ કર્યા




અમદાવાદઃ- વેસ્ટઈન્ડિઝનો એક ટાપુ દેશ ગ્રેનાડા છે. ગ્રેનાડા કો-ઓપરેટિવ લીગ લિ.ની સહકારી ટીમ તા. 20-5-2025થી 27 -5-2025 સુધી ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિના અભ્યાસ પ્રવાસ માટે આવી હતી. ગુજરાત રાજ્ય સહકારી સંઘે ગુજરાતમાં જુદા જુદા ક્ષેત્રોમાં વિકાસ પામેલી સહકારી પ્રવૃત્તિ જેવી કે, બેન્કિંગ સેક્ટર માટે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક, સહકારી ધોરણે માર્કેટિંગ માટે સહકારી સંસ્થા - ગુજકોમાસોલ, સહકારી ધોરણે સ્મોલ ધિરાણ કરતી સંસ્થા કોસ્મોસ કો-ઓપરેટિવ બેન્ક, સેવા ફેડરેશન, ખેડૂતોને ધિરાણ કરતી પેક્સ સહકારી મંડળી - અસલાલી સેવા સહકારી મંડળી, સહકારી ધોરણે દૂધ ઉત્પાદન માટે અમૂલ, સ્મોલ ફાઈનાન્સ ક્ષેત્રે અબોદાના કો-ઓપરેટિવ સોસાયટી, તેમજ પ્રાકૃત્તિક ખેતી અને પશુ પાલન માટે પ્રાકૃતિક કૃષિ ફાર્મ મોટી સિંહોલી - ગાંધીનગર વગેરે મંડળીઓના વહીવટ કર્તાઓનો સંપર્ક સાધી ગ્રેનાડાના પ્રતિનિધિ મંડળને ગુજરાતની વિવિધ સહકારી પ્રવૃત્તિ અંગે જોઈતી તમામ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ટીમે ઉપરોક્ત સંસ્થાઓની મુલાકાત લઈ રાજ્યની સહકારી પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો હતો.

ગુજરાત રાજ્ય સહકારી સંઘની મુલાકાત દરમિયાન સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને આ ટીમને આવકારી સ્વાગત કર્યું હતું અને રાજ્યમાં સહકારી શિક્ષણ અને તાલીમની કામગીરીની વિસ્તૃત સમજ આપી રાજ્યની વિવિધ સહકારી પ્રવૃત્તિ અંગે પણ જાણકારી આપી હતી. આ ટીમમાં ગ્રેનાડા કો-ઓપરેટિવ લીગ લિ. ના બિઝેનેશ સપોર્ટ એક્ઝિક્યુટિવ ડેનિસોન સ્લોકોમ્બે, ટેક્નિકલ એન્ડ ડેવલોપમેન્ટ સપોર્ટ ઓફિસર હેરો દેવ એન્થોની સ્ટ્રોડ, બીર્ચગ્રોવ કો-ઓપરેટિવ ક્રેડિટ યુનિયન લિ.ની જનરલ મેનેજર એનિકા જ્યોર્જ ફેરે, સુબસ માછીમાર સહકારી મંડળીના ચેરમેન ડેવોન મેરીઘ, સ્પાઈસ ફેશન કો-ઓપરેટિવ સોસાયટી લિ.ના એક્ઝિક્યુટિવ હબિબા દેસાઈ અને કટર યોલેન્ડર થોમસ, વગેરે છ સભ્યો હતા.

છેલ્લા દિવસે ગુજરાત રાજ્યની એપેક્ષ સહકારી સંસ્થાઓના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રીઓ જિલ્લા રજિસ્ટ્રારશ્રી હાઉસિંગ શ્રી કપૂરિયા સાહેબ, નાયબ રજિસ્ટ્રારશ્રી ગાંધીનગરશ્રી સચિનભાઈ વગેરેની ઉપસ્થિતિમાં નેટવર્કીંગ રીસેપ્સન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ગ્રેનાડાના પ્રતિનિધિ મંડળે જુદી જુદી સંસ્થાઓના કામકાજ અને સહકારશ્રીના સહકારી પ્રવૃત્તિ અંગેના અભિપ્રાઓ અને અભિગમો જાણ્યાં હતા. અંતે ટીમના તમામ સભ્યોએ રાજ્ય સહકારી સંઘ અને રાજ્યની સહકારી પ્રવૃત્તિની મુલાકાતથી ખૂશી વ્યક્ત કરી જણાવ્યું હતું કે, રાજ્યની સહકારી પ્રવૃત્તિમાંથી જે જાણ્યું અને



માર્ગદર્શન મેળવ્યું છે તેમજ તેઓ જે સમજ્યા છે, તે તેમના દેશની સહકારી પ્રવૃત્તિને મજબૂત કરવામાં ઉપયોગી થશે. રાજ્ય સહકારી સંઘ સાથે ગ્રેનાડાની સહકારી ટીમે સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચાર પ્રસાર માટેના એમઓયુ કર્યા હતા.

# કો-ઓપરેશન અમોન્ગસ ધ કો-ઓપરેટિવ પ્રોજેક્ટની સમીક્ષા કરાઈ

ગાંધીનગર : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના “સહકારથી સમૃદ્ધિ”ના વિઝનને પરિણામલક્ષી બનાવવા માટે ગુજરાતમાં વિઝનરી “કો-ઓપરેશન અમોન્ગસ ધ કો-ઓપરેટિવ‘ પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં, સહકાર રાજ્ય મંત્રીશ્રીએ પ્રેઝન્ટેશન મારફત “કો-ઓપરેશન અમોન્ગસ ધ કો-ઓપરેટિવ’’ પાયલોટ પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી અને તેમણે આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીને વધુ વેગવાન બનાવવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમજ બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી સહિત રાજ્યભરના દૂધ સંઘો, વિવિધ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના ચેરમેનો, મેનેજિંગ ડાયરેક્ટરો, પદ અને સહકાર વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# વર્તમાન મોસમમાં એપ્રિલ સુધી 4.24 લાખ ટન ખાંડની નિકાસ કરાઈ

મુંબઈ : 2024-25ની ઓકટોબરથી સપ્ટેમ્બર સુધીની વર્તમાન ખાંડ મોસમમાં ભારતે અત્યાર સુધીમાં 4.24 લાખ ટન ખાંડની નિકાસ પૂરી કરી છે. સાકરની સૌથી વધુ નિકાસ 92758 ટન સાથે સોમાલિયા ખાતે થયાનું ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન દ્વારા જણાવાયું હતું.

વર્તમાન ખાંડ મોસમમાં કુલ 10 લાખ ટન ખાંડ નિકાસની છૂટ આપવામાં આવી છે. 30મી એપ્રિલ સુધીમાં મિલોએ કુલ 4,24,089 ટન ખાંડની નિકાસ કરી હોવાનું એસોસિએશને એક યાદીમાં જણાવ્યું હતું.



**92758 ટન સાથે સોમાલિયા ખાતે સૌથી વધુ નિકાસ**

સોમાલિયા ઉપરાંત 66927 ટન ખાંડ અફઘાનિસ્તાન ખાતે રવાના કરાઈ છે. આ ઉપરાંત શ્રીલંકા પણ ભારતની ખાંડનો મોટો આયાતકાર દેશ છે.

હાલની સ્થિતિન ધ્યાનમાં રાખતા વર્તમાન મૌસમમાં દસ લાખ ટનની પરવાનગી છતા ભારતમાંથી આઠ લાખ ટન ખાંડ નિકાસ શક્ય બનશે.

**સીમાંત અને નાના ખેડૂતોને કૃષિ સહાય અને રોજગારી માટેનું લક્ષ્ય**

# ગુજરાત સરકારે નાના ખેડૂતો માટે મિની ટ્રેક્ટર અને ઓજારોની 3 નવી યોજના અમલમાં મૂકી

ગાંધીનગર : દેશમાં ઉત્તરોત્તર પરિવારોનું વિભાજન થતા જમીનના પણ ટૂકડા થઈ રહ્યા છે. રાજ્યમાં સીમાંત અને નાના ખેડૂતોની સંખ્યા વધતા કૃષિ વિભાગે સીમાંત-નાના ખેડૂતો માટે વિવિધ ત્રણ યોજના કૃષિ યાંત્રિકરણ માટે પ્રોત્સાહિત કરાશે. જેમાં રાજ્યના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને તમામ જાતિના ખેડૂતો માટે ત્રણ અલગ અલગ યોજના અમલમાં મૂકી છે. જેમાં 20 પીટીઓ એચપીના ટ્રેક્ટરથી લઈને વિવિધ કૃષિ ઓજારો માટે સહાય જાહેર કરી છે. જેમાં ટ્રેક્ટરની કિંમતના 25 ટકા, કૃષિ સાધનો માટે 60 ટકા સુધીની સહાય અપાશે. એકંદરે ત્રણેય યોજના માટે રૂ.202 કરોડ ફાળવ્યા છે.

**મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકરણ માટે રૂ.100 કરોડ :**

આ યોજના રાજ્યના 14 આદિજાતિ જિલ્લાના 53 તાલુકા પુરતી અમલમાં રહેશે. જેમાં 20થી લઈને 35થી વધુ બ્રેક હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરમાં વપરાતા વિવિધ કૃષિ સાધનો માટે સહાય અપાશે. આ યોજના માટે રાજ્ય સરકારે રૂ. 100 કરોડ ફાળવ્યા છે. જેમાં એક બોટમનું એમ.બી.પ્લાઉ, ડિસ્ક પ્લાઉ, કલ્ટીવેટર, હેરો, લેવરલ બ્લેડ, કેજ વ્હીલ માટે તેની કિંમતના 60 ટકા સુધીની સહાય અપાશે. ઉપરાંત પાક સંરક્ષણ માટે પાવર સંચાલિત નેપસેક પમ્પ, સ્પ્રેયર



માટે સહાય અપાશે.

**SC ખેડૂતોને 3 લાખના ટ્રેક્ટરમાં 1.25 લાખની સહાય :**

અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ બનાવાયેલી યોજનાનું કદ 2 કરોડનું છે. કૃષિ યાંત્રિકરણ માટે આ યોજનામાં મિની 20 પીટીઓ એચપી સુધીના ટ્રેક્ટરની કિંમત રૂ. 3 લાખના ધોરણે તે ખર્ચના 50 ટકા અથવા મહત્તમ રૂ. 1.25 કરોડની સહાય અપાશે. ઉપરાંત કૃષિ ઓજારો જેવા કે, રૂ. 80 હજારની કિંમતના મિની રોટોવેટરના 75 ટકા અથવા રૂ. 60 હજાર મહત્તમ સહાય અપાસએ. મિની કલ્ટીવેટર માટે તેની કિંમત રૂ. 20 હજારના 75 ટકા અથવા મહત્તમ રૂ. 15 હજાર ચુકવાશે.

**તમામ ખેડૂતો માટે રૂ.100 કરોડની ફાળવણી કરાઈ :**

તમામ સમાજના ખેડૂતો માટે જનરલ મુકાયેલી આ યોજનામાં ટ્રેક્ટર અને ખેત ઓજારો માટે સહાય ચુકવાશે. જેમાં રૂ. 3 લાખની કિંમતના 20 પીટીઓ એચ.પી. સુધીના ટ્રેક્ટર પેટે રૂ. 25 ટકા અથવા રૂ. 75 હજારની સહાય ચુકવાશે. રૂ. 80 હજારની કિંમતના મિની રોટોવેટર કૃષિ સાધન માટે 50 ટકા અથવા મહત્તમ રૂ. 40 હજારની સહાય ચુકવાશે. રૂ.20 હજારની કિંમતનામિની કલ્ટીવેટર માટે 50 ટકા સહાય અથવા મહત્તમ રૂ. 10 હજાર ચૂકવાશે.

**પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર પેનલ ઈન્સ્ટોલેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર**

# પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ 3.36 લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત, દેશમાં 34 ટકા યોગદાન

ગાંધીનગર : ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિટેડ (GUVNL) દ્વારા જાહેર કરતાં આવેલા ડેટા અનુસાર, 11મી, 2025 સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ 3.36 લાખ સોલર રૂફટોપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આજે ગુજરાત સોલર રૂફટૉપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં 34 ટકા યોગદાન આપી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના 3.03 લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા 2362 કરોડની સબસીડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય પર મુફ્ત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોમાં પ્રથમ ક્રમે (1) ગુજરાત બાદ (2) મહારાષ્ટ્ર 1.89 લાખ સોલર રૂફટોપ પૅનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે (3) ઉત્તર પ્રદેશ 1.22 - લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે (4) કેરળ 95 હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને (5) રાજસ્થાન 43 હજાર ઈન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.

ગુજરાતમાં ‘પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના’ હેઠળ સ્થાપિત 3.36 લાખ સોલર રૂફ્ટૉપ સિસ્ટમ દ્વારા 1232 મેગાવૉટથી વધુઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના 1834 મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ 1284 મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં 1504 મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે. પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ 2024-25 માટે નિર્ધારિત 3.05 લાખ સોલાર રૂફટોપ પૅનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

**નાગરિકોને 300 યુનિટ સુધી મફત વીજળી આપવામાં આવે છે :**

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી 2024માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને 300 યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે 3kw સુધીની સિસ્ટમ પર 78 હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને https://pnasuryagthar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે.

**શાહે ડેરી કો-ઓપ મીટ યોજી, ત્રણ નવી મલ્ટી-સ્ટેટ બોડીનું અનાવરણ કર્યું**

# ગ્રામીણ ડેરી ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે NCDC, NDDB અને NABARD ની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે રાજધાનીમાં ‘સહકારી ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને પરિભ્રમણ‘ પર કેન્દ્રિત એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સહકાર રાજ્ય મંત્રી કૃષ્ણ પાલ ગુર્જર, મુરલીધર મોહોલ, સહકાર મંત્રાલયના સચિવ આશિષ ભુટાણી, પશુપાલન અને ડેરી વિભાગના સચિવ અલકા ઉપાધ્યાય, NDDBના અધ્યક્ષ ડૉ. મીનેશ શાહ અને નાબાર્ડના અધ્યક્ષ શાજી કેવી હાજર રહ્યા હતા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ‘સહકાર સે સમૃદ્ધિ‘ ના વિઝનને આગળ ધપાવતા, મંત્રાલયે ડેરી કામગીરીમાં ટકાઉપણું વધારવાના હેતુથી ત્રણ નવી બહુ-રાજ્ય સહકારી મંડળીઓની સ્થાપનાની જાહેરાત કરી. પ્રથમ સહકારી સંસ્થા પશુ આહાર ઉત્પાદન, રોગ નિયંત્રણ અને કૃત્રિમ બીજદાન પર ધ્યાન કેન્દ્રિત કરશે. બીજું સંસ્થા છાણ વ્યવસ્થાપન માટે નવીન મોડેલો વિકસાવશે, જ્યારે ત્રીજું સંસ્થા પર્યાવરણીય મૂલ્યને મહત્તમ બનાવવા માટે મૃત પશુઓના અવશેષોના ઉપયોગને પ્રોત્સાહન આપશે.

શાહે ભાર મૂક્યો કે જેમ જેમ દેશ શ્વેત ક્રાંતિ 2.0 તરફ આગળ વધી રહ્યો છે, તેમ તેમ ધ્યેય ફક્ત ડેરી સહકારી મંડળીઓનું વિસ્તરણ અને કાર્યક્ષમતા જ નહીં પરંતુ ટકાઉપણું અને ચક્રાકાર અર્થતંત્ર પ્રથાઓને પ્રોત્સાહન આપતી ઈકોસિસ્ટમનું નિર્માણ પણ હોવું જોઈએ. તેમણે એક સંકલિત સહકારી નેટવર્કની જરૂરિયાત પર ભાર મૂક્યો જે ખેડૂતોને સશક્ત બનાવે અને પરસ્પર સહયોગને સરળ બનાવે.



ખેડૂત-કેન્દ્રિત વિકાસના મહત્વ પર ભાર મૂકતા, શાહે વૈજ્ઞાનિક મોડેલો દ્વારા ખેડૂતોને કાર્બન ક્રેડિટ લાભો સીધા ટ્રાન્સફર કરવા હાકલ કરી. તેમણે ડેરી પ્લાન્ટમાં ખાદ્ય પ્રક્રિયાને પ્રોત્સાહન આપતી વખતે દૂધ સંઘો અને સહકારી મંડળીઓને મજબૂત બનાવવાનો આગ્રહ કર્યો - જે ખેડૂતોની આવક વધારવા અને પર્યાવરણને અનુકૂળ વિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ છે.

તેમણે ગ્રામીણ વિકાસમાં ડેરી સહકારી મંડળીઓની ભૂમિકા પર ભાર મૂક્યો, લાખો ગ્રામીણ પરિવારોને આજીવિકા પૂરી પાડવામાં તેમના મહત્વનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, આ સહકારી મંડળીઓ દૂધ ઉત્પાદન અને માર્કેટિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, નાના ખેડૂતોને ધિરાણ, પશુચિકિત્સા સંભાળ અને પ્રજનન સહાય જેવી સેવાઓ પ્રદાન કરે છે, સાથે સાથે મહિલાઓની ભાગીદારી અને સશક્તીકરણમાં પણ વધારો કરે છે.

અમૂલ જેવા સફળ મોડેલનો ઉલ્લેખ કરતા શ્રી શાહે પુનઃપુષ્ટિ કરી કે સહકાર મંત્રાલય, અન્ય વિભાગો અને હિસ્સેદારો સાથે મળીને, માત્ર ડેરી વિકાસને આગળ ધપાવી રહ્યું નથી, પરંતુ ગ્રામ્ય સ્તરની સહકારી સંસ્થાઓને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડીને તેમને મજબૂત પણ બનાવી રહ્યું છે. તેમણે નોંધ્યું કે, આ પ્રયાસો વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

મંત્રીએ NCDC, NDDB અને NABARD રાષ્ટ્રીય સંસ્થાઓની સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવામાં તેમની ભૂમિકા બદલ પ્રશંસા કરી. તેમણે બાયોગેસ અને છાણ વ્યવસ્થાપનમાં NDDBના અગ્રણી કાર્યની પ્રશંસા કરી અને દેશભરમાં તેના વિસ્તરણ માટે હાકલ કરી.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO’s, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-06-2025